# આઝાદી ભયમાં છે

## લોહી ઝરતા પંજાબની ચેતવણી

★

સરદાર ભગતસિંહના સાથી
બિ. ધન્વન્તરીએ નજરે જોયેલી
હકીકતોનું બયાન

કિંમત
૪
આના

પિપલ્સ પબ્લીશીંગ હાઉસ લિ.
મુંબઇ, ૪.

૧૯૪૬ માં મારી જેલમુક્તિ થઈ ત્યાર પછી હું પંજાબમાં જ રહ્યો હતો. પંજાબમાં એ વરસની શરૂઆતમાં–માર્ચમાં થયેલાં રમખાણો પણ મેં જોયાં હતાં અને એ રમખાણો નર્કાગારમાં ન પલટાઇ જાય ત્યાં સુધી કેવી રીતે એમને પ્રસરાવવામાં આવતાં એ પણ મેં નીહાળ્યું હતું.

૨૬ મી ઓગસ્ટે જ મેં અમૃતસર છોડયું. દિલ્હી જઇને મારે રાષ્ટ્રના નેતાઓ પંડિત નહેરુ અને સરદાર પટેલને પંજાબમાં બનેલા બનાવો તથા એની પાછળના રમખાણખોરો અંગે વાતો કહેવી હતી. મારી સાથે બાબા ગુરૂમુખસીંગ હતા. બાબા ગુરૂમુખસીંગની વૃદ્ધાવસ્થા હોવા છતાં પણ એમણે કષ્ટ ઉઠાવ્યું હતું. બ્રિટિશ શાહીવાદ સામે લડતાં ૨૭ વરસ એમણે જેલમાં ગાળ્યાં હતાં. આજે પંજાબમાં જાગેલી કોમી હોળીથી એમનું હૃદય કકળી ઉઠતું હતું.

પંજાબના રમખાણ અંગે જે વાત મેં પંડિતજીને કહી સંભળાવી હતી એ જ વાત થોડીક વધુ વિગતો સાથે મેં અહીં રજૂ કરી છે. અમે જે જોયું છે તથા અમારી પાર્ટી, ટ્રેડ યુનિયન અને કિસાન સભાના કાર્યકર્તાઓ પાસેથી જે અહેવાલો મળ્યા છે, તથા કોંગ્રેસીજનો અને લીગીઓ દ્વારા વાતચીતમાંથી જે મેળવ્યું છે અને નિરાશ્રિતો પાસેથી તથા સ્ટેશનો પર બનેલા બનાવોથી અમને જે જાણવા મળ્યું છે એના આધાર પર નીચેની વિગતો રજૂ કરી છે.

આ વિગતો આજના પંજાબની છે, જે આજે દુઃખ અને પીડાની અસહ્ય યાતનામાંથી પસાર થઇ રહ્યું છે.

## લઘુમતિઓને સાફ કરવાનું કાવતરૂં

પંજાબમાં જે કાંઇ બન્યું છે એ સામાન્ય રમખાણો નથી. પંજાબમાં થયેલો હત્યાકાંડ એ લઘુમતીઓની કતલનો હત્યાકાંડ છે.

**શીખો અને હિંદુઓને પશ્ચિમ પંજાબમાંથી તથા મુસ્લિમોને પૂર્વ પંજાબમાંથી સાફ કરવાનું રીતસરનું યુધ્ધ છે.**

કલકત્તા કે નોઆખલી, બિહાર કે રાવલપીંડી સાથે આની સરખામણી થઇ શકે નહિ. એ બધા દાખલાઓમાં તો એક કોમના એક ટોળાએ કોમી

આવેશમાં આવી જઇને જંગલી રીતે લઘુમતીઓની કતલ કરી હતી તથા એમનાં ઘરબાર ઉજાડયાં હતાં.

પરંતુ, અહીં તો આ વખતે પંજાબની ખૂનામરકીમાં કેળવાયેલી ટોળીઓ આધુનિક શસ્ત્રો લઇને બહાર પડી હતી. તેઓએ ખૂનામરકી, કતલ, લૂંટ અને સ્ત્રીઓ પર બળાત્કારો કર્યા હતા. આ બધી ટોળીઓ જુદા જુદા પક્ષોની ત્રાસ ફેલાવનારી ટોળીઓ હતી. જર્મનીમાં યહુદીઓને ખતમ કરવા માટે નાઝીઓએ રચેલી "સ્ટોર્મ ટ્રુપ્સ" જેવી આ ટોળીઓ હતી. પશ્ચિમ પંજાબમાં મુસ્લિમ લીગનું દળ નેશનલ ગાર્ડઝ, પૂર્વ પંજાબમાં અકાલીઓનું શહીદી દળ, તથા હિંદુસભાનો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એમાં મુખ્ય હતા. આ ત્રણે ય સંસ્થાઓનાં દળોને પોલિસે તથા લશ્કરે પણ સક્રિય મદદ કરી હતી અને કેટલાક સંજોગોમાં તો દોરવણી પણ આપી હતી, લશ્કરે તો ભંયકર અત્યારો કરવામાં પાછું વાળીને પણ જોયું ન હતું.

પંજાબમાં જે જૂલ્મો થયા છે; બર્બરતાનો જે ઉપયોગ થયો છે, તથા કતલ થએલાઓની કુલ સખ્યાનો જે આંકડો પહોંચ્યો છે, (શ્રી. પ્રકાશના કહેવા અનુસાર દોઢ લાખ સુધી જાય છે) વેરાન થયેલા પંજાબનાં ૧૪ જીલ્લાઓમાં આધુનિક શસ્ત્રોએ જે ભાગ ભજવ્યો છે તથા રમખાણ અટકાવવા માટે નહિ પણ એને પ્રસરાવવામાં પોલિસ, લશ્કર અને રાજ્ય કારોબારે જે ભાગ ભજવ્યો છે એનો જોટો જડવો મુશ્કેલ છે.

જ્યારે હિંદ અને પાકિસ્તાન રાજ્યો અસ્તિત્વમાં આવી રહ્યાં હતાં; એ અવસરે, ૧૫મી ઓગસ્ટે સારાયે હિંદમાં ભાઇચારાનાં પ્રેરક દશ્યો ઠેર ઠેર ઉજવાઇ રહ્યાં હતાં; ત્યારે જ આવો કરપીણ હત્યાકાંડ એકલા પંજાબમાં જ ખેલાઇ રહ્યો હતો. આની પાછળનું કારણ સમજવાનો પ્રયાસ કરીશું તો માર્ચ મહીનાથી પંજાબમાં ઠોકી બેસાડવામાં આવેલા ગર્વનર જેન્કિન્સની ૯૩મી કલમના રાજે આ રમખાણોમાં કેટલો નિર્ણયાત્મક ભાગ ભજવ્યો છે એનો અંદાજ મેળવી શકીશું.

**બ્રિટિશરોએ પંજાબના આ રમખાણમાં જે ભાગ ભજવ્યો છે, જે સફળતાથી તેઓએ આ હોળી સળગાવી છે એનો દાખલો બીજે કયાંય જડવો પણ મુશ્કેલ છે.**

## શાંતિ અને ઉશ્કેરણી

સૌ કોઇ જાણે છે કે કલકત્તા, નોઆખલી, બિહાર અને ગઢમુકતેશ્વરમાં

રમખાણો ફાટી નીકળ્યાં, સારાયે હિંદમાં એનું મોજૂં ફરી વળ્યું, છતાંયે ૧૯૪૬ના આખાયે વરસ દરમિયાન પંજાબમાં કોઇ તોફાન થયું ન હતું.

મુસ્લિમ નેશનલ ગાર્ડઝ પર મૂકવામાં આવેલા પ્રતિબંધથી શરૂ થયેલી મુસ્લિમ લીગની સવિનય ભંગની ચળવળ, એ પ્રતિબંધ પાછો ખેંચાયો છતાં પણ દબાણના રાજકારણના હેતુ અનુસાર ચાલુ રહી. ચળવળનો હેતુ સ્વાર્થી હોવા છતાં પણ એ બિન–કોમી નીતિ પર ચાલતી હતી. પાકિસ્તાન જરૂર પડશે તો હિંસા કરીને પણ હાંસલ કરીશું એ સૂત્ર જ્યારે વહેતું મૂકવામાં આવતું હતું ત્યારે એની સાથો સાથ 'હિંદુ–મુસ્લિમ ભાઇભાઇ, સબકી દુશ્મન નોકરશાહી'નું સૂત્ર પણ વહેતું થતું હતું. કોર્ટો તથા જેલો પર મુસ્લિમ અવામ હલ્લાઓ લઇ જતી હતી. એ વખતે હિંદુઓ તથા શીખોના જાન તથા માલ મિલકત તદ્દન સલામત હતાં. એટલું જ નહિ એ વખતે મુસ્લિમ લીગની સભાઓમાં પણ કેટલાય હિંદુઓ અને શીખો પણ ભાગ લેતા હતા; અને જ્યારે મુસ્લિમોને નોકરશાહી તથા બ્રિટિશ શાહીવાદ સામે પ્રહાર કરવામાં આગળ આવતા જોતા હતા ત્યારે તેઓ પણ પ્રસંશા કરતા હતા. આખરે મુસ્લિમ અવામ પણ શાહીવાદ સામે મેદાનમાં ઉતરી રહી છે એ જોઈ એમના દીલમાં આનંદ પણ થતો હતો.

**પરંતુ, આ બધું જોઈને બ્રિટિશ શાહીવાદનું દીલ તો ધ્રુજી ઉઠતું હતું.**

બ્રિટિશરો મોકાની રાહ જોઇનેજ બેઠા હતા. ૨૦ મી ફેબ્રુઆરીએ જેવી એટલીની હિંદના કટકા કરતી ઉશ્કેરણીખોર જાહેરાત બહાર પડી કે તરતજ ગવર્નર જેન્કિન્સે એના ખાંધીયા ખીઝરને બોલાવ્યો અને રાજીનામું દઇ બ્રિટિશ શાહીવાદના છેલ્લા દાવ માટે રસ્તો સાફ કરી દેવાની આજ્ઞા આપી. જેન્કિન્સનો દાવ સીધો સાદો હતો. પ્રધાનમંડળની જગ્યા ખાલી પડે એટલે લીગીઓ એ જગા પચાવી પાડવા માટે ફાંફા મારવાનો પ્રયાસ કરશે, અને આવા પ્રયાસનો સ્વભાવિક રીતે જ હિંદુઓ તથા શીખો વિરોધ કરશે. પરિણામ એ આવશે કે બંને વચ્ચે હુંસાતુસી ચાલશે અને આખરે એમાંથી રમખાણો પેદા થશે. જેન્કિન્સનો આ દાવ સફળ થયો. ખીઝરે રાજીનામું આપ્યું અને એ પછીના પંદર દિવસમાં જ સારાયે પંજાબમાં કોમી ઝેર પ્રસરી ગયું.

અને એ કાંઇ અકસ્માત ન હતો કે પહેલે જ દિવસે પંજાબમાં–લાહોરમાં રમખાણ ફાટી નીકળ્યું. જેન્કિન્સે, જંગમાં ઉતરેલા આ સામ સામા

પક્ષોએ ઉભા કરેલા વાતાવરણનો આબાદ રીતે ફાયદો ઉઠાવ્યો. લીગીઓને 'તમને પ્રધાન મંડળ આપું તો હિંદુઓ અને શીખો એનો વિરોધ કરશે' અને કોંગ્રેસ અને શીખોને 'તમને આપું તો મુસ્લિમોને ગેરવ્યાજબી લાગશે' એવી વાતો કરી કોઈ પણ ને સત્તાનાં સૂત્રો આપ્યાં નહિ. અને પંજાબમાં ૯૩ મી કલમ ઠોકી બેસાડી, પોતાના હાથમાં સત્તા લઈ રમખાણને ખતમ કરવા માટે નહિ પણ એને પ્રસરાવવામાં જેન્કિન્સે એનો પૂરેપૂરો ઉપયોગ કર્યો.

> અને હકીકતે જે પાંચ જીલ્લાઓ લાહોર, રાવલપીંડી, મુલ્તાન, અમૃતસર અને જલંદર જ્યાં બ્રિટિશ ડેપ્યુટી કમિશનરોનું રાજ ચાલતું હતું ત્યાં જ સૌ પ્રથમ એકદમ ઝડપથી અને સૌથી વધુ ક્રુર રમખાણો ફાટી નીકળ્યાં.

જેન્કિન્સના ગવર્નરરાજમાં રમખાણો કેટલી આસાનીથી પ્રસરી વળ્યાં એના થોડાક દાખલાઓ હું આપીશ.

## રમખાણો કેવી રીતે ફેલાવવામાં આવ્યાં?

રમખાણોની શરૂઆતથી જ લાહોર અને અમૃતસરમાં ખંજરબાજી ચાલુ રહી હતી.

પરંતુ, અમૃતસરમાં જ્યારે ૨૪ કલાકનો સતત કર્ફયુ ચાર દિવસ સુધી ચાલુ હતો, એ વખતે અમે લાહોરમાં ફક્ત ત્રીસ માઈલ દૂર હોવા છતાં પણ એ સમાચાર સાંભળ્યા ન હતા કે ચોક પ્રાગદાસમાં શીખોએ મુસ્લિમોને મારી નાખ્યા છે, ત્યારે અમારાથી યે ક્યાંય દૂર રાવલપીંડીમાં આ અફવા જોરદાર રીતે પ્રસરતી હતી અને હજારો મુસ્લિમોમાં ઉશ્કેરણી ફેલાવતી હતી. સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે અખબારો અને ખાનગી સંસ્થાઓ પર કડક અંકુશ હોવા છતાં પણ આવા સમાચાર અમૃતસરની બહાર કેવી રીતે પ્રસરી વળ્યા ?

રાવલપીંડીમાં રમખાણો ફાટી નીકળ્યાં એ પહેલાં બ્રિટિશ ડેપ્યુટી કમિશ્નર પાસે મુસ્લિમ લીગ તથા બીજા પક્ષો પ્રતિનિધિમંડળને લઈને ગયા હતા અને ચેતવણીનાં પગલાંઓ લેવાની એને વિનંતી કરી હતી. એ વખતે ડેપ્યુટી કમિશ્નરે કહ્યું હતું કે, હું પરિસ્થિતિને બારીકાઈથી નીહાળી રહ્યો છું. પરંતુ, બીજે જ દિવસે ખંજરબાજી શરૂ થઈ ગઇ, અને ફરી આગેવાનો એને મળ્યા અને રમખાણો અટકાવવા માટે પગલાં લેવા કહ્યું. રમખાણો અટકાવવામાં ન આવે તો ગામડાંઓમાં પણ પ્રસરી જાય એવો ભય હતો.

પરંતુ, આ વખતે પણ આ બ્રિટિશ નોકરશાહે શાંતિ રાખો, ગભરાવ નહિની વાતોનું રટણ કર્યે રાખ્યું. પણ પાંચમી તારીખે મોટા પાયા પર રમખાણ ફાટી નીકળ્યું અને જોતજોતામાં પીંડીના ગામડાઓમાં એ ફરી વળ્યું. ખૂનામરકી અને આગો લગાવવાનું કામ શરૂ થઇ ગયું. વર્ણવી ન શકાય એવા અત્યાચારો આચરવા ટોળાંઓ બહાર પડયાં. આવે વખતે પીંડીના કોંગ્રેસ નેતા લઘુમતિના રક્ષણ માટેની મદદ માંગવા આ ડેપ્યુટી કમિશ્નર પાસે ગયા ત્યારે એણે શું જવાબ આપ્યો, ખબર છે ? આ બ્રિટિશ શાહીવાદી બોલી ઉઠયો:—

'સરદાર પટેલ અને પંડિત નહેરૂ પાસે જાવ. તેઓ તમારી સરકાર છે. તમારે તો બ્રિટિશને હિંદમાંથી વિદાય આપવી છે. તો પછી શા માટે મદદ માંગવા બ્રિટિશ પાસે આવો છો ?'

આ બ્રિટિશ નોકરશાહના અમલના વિસ્તારમાં રાવલપીંડીમાં જ એ વખતે પંજાબનું સૌથી ભયંકર રમખાણ ફાટી નીકળ્યું હતું. અને વધુમાં વધુ કતલ રાવલપીંડીમાં થઇ હતી.

આ રીતે રમખાણ ફેલાવવામાં એકબીજા બ્રિટિશ નોકરશાહને કેટલો આનંદ થતો હતો એનો એક બીજો દાખલો આપું.

પંજાબ સરકારના મુખ્ય મંત્રી મેકડોનાલ્ડને કેટલાક હિંદુ તથા શીખ નેતાઓ મળવા ગયા હતા. તેઓએ આ નોકરશાહને નિરાશ્રિતો પર વિતેલી કથનીઓ કહી સંભળાવી અને એમના રહેવા કરવાની વ્યવસ્થા કરી આપવા સરકારને મદદ આપવા વિનંતિ કરી. આ વિનંતીનો જવાબ મેકડોનલ્ડે નીચે મુજબ આપ્યો હતો:—

"ગભરાવ નહિ, થોડાક વખતમાં જ જ્યારે મધ્ય અને પૂર્વ પંજાબમાં બદલો લેવા માટેનાં રમખાણો ફાટી નીકળશે એટલે તરતજ એમના દિલને શાંતિ મળશે !"

મેકડોનાલ્ડ જાણતો હતો કે પરિસ્થિતિ કથળી રહી છે. અને રમખાણો ફેલાવવા માટે બદલો વાળવાની વૃત્તિનો ખ્યાલ એને સુંદર લાગતો હતો.

આમ, આવી રીતે પંજાબમાં રમખાણનું પહેલું ચક્ર પૂરૂં થયું અને બીજા માટે પૂર્વ ભૂમિકા રચાઈ ગઈ.

અને આવી રીતે જ બ્રિટિશ નોકરશાહીએ અવલ નંબરના રમખાણખોરો તરીકે, પ્રથમ તણખો ચાંપવામાં, અને પછી, એને હોળી રૂપે પ્રગટાવી સારાયે પંજાબમાં ફેલાવવામાં ભાગ ભજવ્યો.

(૭)

## બદલો લેવાની તૈયારીઓ

મેકડોનાલ્ડની વાણી સાચી પડી. મધ્ય અને પૂર્વ પંજાબમાં હિંદુઓમાં આર. એસ. એસ. તથા શીખોમાં અકાલીઓએ બદલો લેવાની તૈયારીઓ શરૂ કરી. અકાલી નેતાગીરી છેલ્લાં કેટલાંક વરસો થયાં પતિયાલા ફરીદકોટ વગેરે શીખ રાજ્યો સાથે સંબંધ બાંધી રહી છે, અને એટલા ખાતર જ અકાલીઓ કોંગ્રેસ અને લીગનો વિરોધ કરતા આવ્યા છે. તથા બ્રિટિશ શાહીવાદીઓને પોતાની માંગ સ્વીકારી લેવાની વિનંતીઓ કરતા આવ્યા છે.

આ અકાલીઓએ જ બદલો લેવાની વાતોની પ્રથમ શરૂઆત કરી. રાવલપીંડીથી જાન બચાવવા માટે ભાગી છૂટેલા નિરાશ્રિતો એમની સાથે એમના પર વીતેલા વીતકો તથા ભયંકર અત્યાચારોની કહાણીઓ પણ સાથે લાવ્યા. પોતાના પ્રચારમાં અકાલી નેતાઓએ એનો ઉપયોગ કરવો શરૂ કર્યો અને 'વેરનો બદલો વેરથી લો' નું સૂત્ર વહેતું થયું. તેઓએ એક એક ગુરૂદ્વારમાં નિરાશ્રિતોને મોકલ્યા તથા એમના દ્વારા અને અકાલી નેતાઓના એજન્ટો દ્વારા મુસ્લિમો પર વેર લેવાનો પ્રચાર જોરથી શરૂ કરાવ્યો. પછી તો રમખાણની તૈયારીઓ પણ શરૂ થવા લાગી. એક એક ગામડામાં અકાલીઓએ શહીદી દળની રચના શરૂ કરી. સોળ સોળ જણની એક એક ટુકડી બનાવવામાં આવી. એમાંથી ૬ જણને રાયફલોથી તથા બાકીનાઓને તલવારથી અને ભાલાંઓથી સજ્જ કરવામાં આવ્યા. ઘોડેસ્વારોની ટુકડીઓ પણ રચવામાં આવી. મોટરો અને જીપ ગાડીઓનો ઉપયોગ પણ શરૂ થયો. આ કાર્યમાં ફક્ત રાજાઓએ જ નહિ પણ અમૃતસરના મોટ જમીનદારો મજીઠાઓ તથા રાજહંસીના હરીન્દર સીંગે પણ મદદ કરી.

આ દરમિયાન શહેરોમાં આર. એસ. એસ. ની તાકાત વધી રહી હતી. પંજાબમાં મુખ્યત્વે વેપારીઓ તથા શહેરના બીજા ધંધાદારીઓમાં કોંગ્રેસનું વર્ચસ્વ વધુ હોઈ કોંગ્રેસ પંજાબમાં હંમેશા નબળી રહી છે. અને વળી એમાં બ્રિટિશરોના ખાંધીયાઓ યુનિયનિસ્ટો સાથે પ્રધાનમંડળમાં જોડાવાથી એ વધુ નબળી બની હતી. લીગ સામેના તથા ભાગલાના વિરૂધ્ધમાં ઘણા લાંબા વખતના સખત પ્રચારને કારણે જ્યારે કોંગ્રેસ જ ભાગલાની સ્વીકાર તરફ વધુ ને વધુ નમવા લાગી ત્યારે આર. એસ. એસે. એનો પૂરો ફાયદો ઉઠાવ્યો. કોંગ્રેસની એણે સખત ઝાટકણી કાઢી અને એ વખતે આ

પ્રચાર સામે મૂંગા રહેવાના કોંગ્રેસના વલણે આર. એસ. એસને જોર આપ્યું. આમ, શહેરોમાં આર. એસ. એસ. ઝડપથી વિસ્તરવા લાગ્યું.

અને પછી તો એણે પણ 'વેરનો બદલો વેરથી લો' અને 'અખંડ હિંદુસ્તાન ઝીંદાબાદ' નાં સૂત્રો હિંમત પૂર્વક રજૂ કરવા માંડયાં. શહેરોના કાળાબજારીયાઓનો એને ટેકો મળી ચૂકયો હતો. આર. એસ. એસ માટે કોથળીનાં મોં ખુલ્લાં કરનારોઓમાં અમૃતસરના કરોડપતી બાવા ગુરૂમુખસીંગ, તથા પંજાબના ઉદ્યોગપતી ગોકલચંદ નારંગ જેવાઓ મુખ્ય છે. આર. એસ. એસ નો આગેવાન પુરાણો કોમવાદી રાય બહાદર બદરીદાસ હતો. અખિલ હિંદમાં પથરાયેલું આર. એસ. એસનું સંગઠન સ્વયંસેવક દળની હેસીયતથી કામ કરતું હતું. પંજાબમાં એણે ખંજરો અને તલવારોનાં શસ્ત્રો ધારણ કરવા શરૂ કર્યાં. પણ થોડાક વખતમાં જ રીવોલ્વરો તથા બીજાં આધુનિક શસ્ત્રો એમનાં હાથમાં આવી પડયાં.

એવી જ રીતે બીજી તરફથી પશ્ચિમ પંજાબમાં મુસ્લિમ નેશનલ ગાર્ડઝ પણ હથિયારો ખખડાવતું સજ્જ થતું હતું. ભાવલપુરના નવાબી રાજ્યમાંથી તથા સરહદના પ્રદેશમાંથી હથિયારો આવતાં હતાં. મુસ્લિમ નેશનલ ગાર્ડઝને સૌથી વધુ પ્રત્યાઘાતી જમીનદારોનો ટેકો મળી ચૂકયો હતો. ફીરોઝખાન નૂને એમાં આગેવાની લીધી હતી.

## રાજા–નવાબોના કાળા હાથો

આ બધી ત્રાસ ફેલાવનારી ટોળીઓ આધુનિક હથિયારો વડે બહુ સહેલાઇથી સજ્જ થઇ ગઇ.

એકાએક હજારો રાઇફલો, હાથ બોમ્બો, સ્ટેનગનો, મોટર વગેરે ફુટી નીકળ્યાં ! આ બધાં કયાંથી આવ્યા ? આનો જવાબ એ હકીકતમાંથી આપણને મળી રહેશે કે પંજાબ એક એવો પ્રાંત છે જેમાં પતીયાલા, જીંદ, નાભા, ફરીદકોટ, માલકોટલા, ભાવલપૂર, કપૂરથલા વગેરે હિંદુ–મુસ્લિમ અને શીખ રાજ્યો આવેલાં છે.

આ રાજા–નવાબોએ પણ એમના બ્રિટિશ માલિકોની માફક જોઇ લીધું કે એમના બાર વાગવાની ઘડી આવી ચૂકી છે, રાજાશાહીને ખતમ કરવા જનતાનાં આંદોલનો ઘોડાપૂરની માફક ધસમસી રહ્યાં છે. અને એટલે તેઓએ પણ બ્રિટિશ માલિકોની કોમી રમખાણની રમત શરૂ કરી. આમાં આ બધી

ટોળીઓને શસ્ત્રસજ્જ કરવાનું તથા નિરાધારોના 'તારણહાર' બનવાનું કામ તેઓએ ઉપાડી લીધું. નિરાશ્રિતોના તારણહાર તરીકે લોકોની સહાનુભૂતિ તેઓએ જીતવાનો પ્રયાસ કર્યો અને એમનાં પર વીતેલાં વીતકોનો ' વેરનો બદલો વેરથી લો ' ના પ્રચારમાં ઉપયોગ કર્યો. આમ કરીને રાજાશાહી સામેના હિંદુ–મુસ્લિમ–શીખ આંદોલનમાં તેઓએ ફુટ પાડી. પોતાની જાતને બચાવવા આ રાજા–નવાબો ઝનૂનથી કોમી ઉશ્કેરણી ફેલાવી રહ્યા.

પતીયાલાના રાજવીએ રાવલપીંડીથી આવતા નિરાશ્રિતો માટે મોટી છાવણીઓ ખોલી. નિરાશ્રિતોમાંથી હજારો માલદારો જેઓ જમીનદારો અથવા વેપારીઓ હતા તેઓ આ છાવણીઓમાં આવ્યા. કહેવાય છે આ માલદાર લોકોએ પતીયાલા રાજ્યની બેંકમાં ૮ કરોડ રૂપિયા જમે કરાવ્યા હતા. આ લોકો દ્વારા વીતેલા અત્યાચારોની કહાણીઓ સર્વત્ર ફેલાવવાનું શરૂ થયું અને એની સાથોસાથ એ પ્રચાર પણ વહેતો થયો કે પતીયાલાના રાજવી તો કૃપાળુ અને દયાના સાગર છે. આશરો અથવા ગુજરાન માટે જમીન વગેરે આપવા તેઓ હરઘડી તૈયાર છે.

ફરીદકોટના રાજવી અંગે કહેવાય છે કે અકાલી ટોળીઓને એણે સંખ્યાબંધ જીપ ગાડીઓ પૂરી પાડી હતી.

ભાવલપૂરના નવાબે મુસ્લિમ નેશનલ ગાર્ડઝને સંખ્યાબંધ શસ્ત્રો આપ્યાં હતાં. જ્યારે કપુરથલાના રાજવીએ આર. એસ. એસ. માટે તાલીમ કેન્દ્રો ખોલ્યાં હતાં.

આમ આ દેશી રાજ્યો, લઘુમતીની કતલના યુદ્ધની તૈયારીઓનાં મુખ્ય મથક સમાં બની ગયાં.

આ રાજ્યોની મદદ દ્વારા જ, ( દાખલા તરીકે પતીયાલાની ભૂમિ પરથી ) ટ્રેનો પર હલ્લાઓ થયા હતા. ૧૦મી ઓગસ્ટે પાકિસ્તાન સ્પેશીયલ પર હલ્લો પણ અહીંથી થયો હતો.

આમ, આ બધી હકીકતો પરથી સાફ રીતે જોઈ શકાય છે કે રમખાણો ફેલાવવામાં બ્રિટિશરો પછી બીજો નંબર આ રાજા નવાબોનો છે. આ રાજવીઓ જનતાના આગે બઢતા સંયુક્ત આંદોલનને ખતમ કરવા માગતા હતા તથા એમાં સફળ થયા પછી પૂર્વ પંજાબની સરકાર પર પણ પોતાની અસર જમવાવાની એમની મુરાદ હતી.

## શહેરોમાં—

બદલો લેવાનો પ્રચાર તથા એ માટેની તૈયારીઓની જેન્કિન્સ રાજ્યે પૂરી છૂટ કરી આપી હતી.

લાહોર અને અમૃતસરમાં લઘુમતી કોમ પર ખંજરોથી હલ્લાઓ તથા આગ અને લૂંટફાટના બનાવો નિરંકુશ રીતે ચાલુ હતા. કરફ્યુ વારંવાર ઠોકવામાં આવતો હતો પણ એતો રણખાણને ઠારવાનો પ્રયાસ કરતા માણસો ગુંડાઓની ક્રૂર રમતો ન જોઈ શકે એ માટે એમને ઘરમાં પૂરી રાખવા માટે જ હતો.

એ હકીકત છે અને સૌ કોઈ જાણે છે કે લાહોર અને અમૃતસરમાં એપ્રીલથી ઓગસ્ટ દરમિયાનમાં કર્ફ્યુના સમય દરમિયાન જ મોટી આગો ફાટી નીકળી હતી. અને એમાં પોલિસે સક્રિય ભાગ લીધો હતો અથવા નિષ્ક્રીય રીતે એ બધું જોયા કર્યું હતું.

આ આગોને ઠારવા માટે શહેરીઓ તથા દુકાનદારો જ્યારે ઘરમાંથી બહાર નીકળતા હતા ત્યારે એમના પર પોલિસની ગોળીઓ વરસતી હતી: જ્યારે આગ લગાવનારી ટોળકીઓ છૂટથી હરતી ફરતી હતી. દાખલા તરીકે સર. જોહન બેનેટ. આઈ. જી. પી. ના પોલિસ દળે આમાં આગેવાની લીધી હતી.

ટ્રીબ્યુન જેવા અખબારે પણ તંત્રીલેખ લખતાં પ્રશ્ન પૂછ્યો હતો કે 'આગ ઠારવાનો પ્રયાસ કરતા શહેરીને પોલિસની ગોળીઓથી વીંધી નાખવામાં આવે તો પછી એણે કરવું શું?' હિંદુ અને શીખો જે લાહોરમાં લઘુમતીમાં હતા, અને જેઓ આક્રમણ કરવાને બદલે રક્ષણ માટે ટળવળતા હતા તેઓને જ પોલિસ પકડતી હતી અને જેલોમાં પૂરી દેતી હતી.

એ વાત સૌ કોઈ જાણે છે કે લાહોરમાં આગ લગાડવાનો સૌથી મોટો બનાવ હિંદુ વિસ્તાર શાહલીમ દરવાજા પાસે બન્યો ત્યારે લાહોરના આસીસ્ટન્ટ મેજીસ્ટ્રેટ મી. જી. એમ. છીમા પોતે આગ લગાડનારાઓ કેવી રીતે આગ લગાવે છે એ જોતા હતા, મુસ્લિમોનું એક મજબૂત પોલિસ દળ તથા મુસ્લિમ ટોળકીઓ પેટ્રોલથી આખાયે બજારને જલાવતી હતી અને એ ભસ્મ થઈ જાય ત્યાં સુધી પેટ્રોલ રેડી રહી હતી.

આ બધું બન્યું ત્યારે જી. એમ. છીમા ત્યાં ફરજ પર રહી ઠંડે કલેજે એ બધું જોઈ રહ્યા હતા.

૨૬૪૨૦



એપ્રીલમાં લાહોરના મુસ્લિમ વિસ્તાર રાજગઢ પર આર. એસ. એસે. સૌથી મોટો હલ્લો કર્યો હતો અને એમાં પહેલી વખત બોંબ, રાઇફલો અને રીવોલ્વરોનો ઉપયોગ થયો હતો. આ હલ્લા વખતે કેટલાક મુસ્લિમો માર્યા ગયા હતા. કહેવાય છે કે આ વિસ્તારનો પોલિસ અમલદાર જે હિંદુ હતો એના હાથમાં હલ્લો કરનાર ટોળીનો આગેવાન હલ્લા થયાની અગાઉ પંદર મિનિટ પહેલાં જ આવ્યો હતો. પણ એણે એને જવા દીધો. ત્યાર બાદ થોડીક મિનિટો પછી જ હલ્લો લઇ જવામાં આવ્યો અને કતલ શરૂ થઈ.

આ અમલદારને પહેલાં તો કામ ચલાઉ બરતરફ કરવામાં આવ્યો, પણ પાછળથી તૂરત માફી આપવામાં આવી અને ફરી વખત એને કામ પર લઇ લેવામાં આવ્યો.

અમૃતસરના પણ હાલ આવાજ હતા. પોલિસ રમખાણ કરનાર ટોળીએને સક્રિય સહાય આપતી હતી જ્યારે નિર્દોષોને સજા કરતી હતી.

અને આને કારણે જ લાહોર અને અમૃતસર ભયંકર ઉગ્રતાથી જળી ઉઠયાં હતાં. આવી પરિસ્થિતિમાં નિરાશ્રિતોની વણઝાર હિજરત માટે નીકળતી હતી. એમને બચવા માટે કોઈ આરો ન હતો.

## ગામડાંઓમાં કોમી આગ પેટાવવા પ્રયત્નો

મધ્ય પંજાબમાં આવેલા જીલ્લાઓના શીખ કિસાનો અને એમાં ખાસ કરીને બીઆસ અને સતલજ ની વચ્ચેના દોઆબ પ્રદેશમાં રહેતા કિસાનોમાં દેશભકિતની પ્રણાલિકા ઘણા વખતથી ચાલતી આવી છે.

આ પ્રદેશમાંજ બાબર અકાલી તથા અકાલી દેશભકતોનાં આંદોલનો પાંગર્યાં હતાં. અને પ્રગતિશીલ જુથ્થોનું એક મજબૂત થાણું અહીં ઉભું થયું હતું.

અને એટલેજ જ્યારે અકાલી નેતાગીરીએ અત્યાચારનો બદલો લેવાનો પ્રચાર આ કિસાનોમાં શરૂ કર્યો કે તૂરતજ તેઓએ એમને સીધો પ્રશ્ન પૂછયો.

> 'જો રાવલપીંડીમાં શીખોને મારી નાખવાનું મુસ્લિમોનું કાર્ય ગેરવ્યાજબી હતું તો અહીં મુસ્લિમોને મારી નાખવાનું કાર્ય કેવી રીતે વ્યાજબી હોઇ શકે ?'

આવા કિસાનોને રમખાણના ચક્રમાં લાવવા માટે મરણીયા પ્રયાસો અજમાવવામાં આવ્યા. દાખલા તરીકે, એપ્રિલ મહીનામાં અમને દોઆબથી

એવા સમાચાર મળ્યા હતા કે અકાલી ટોળકીઓ શીખ ગામડાંઓમાં છૂપી રીતે અનાજના ભંડારો જલાવી દે છે અને પછી પ્રચાર કરે છે કે એ વિસ્તારના મુસ્લિમોએ એ કાર્ય કર્યું છે.

પોલિસ પણ રમખાણ કરવા માટે ગંદી રમત રમી રહી હતી. મોગા પાસેના કોકરી ગામમાં ઘઉંનો ભંડાર સળગાવતા એક પોલિસ કોન્સ્ટેબલને પકડવામાં આવ્યો હતો.

મેની શરૂઆતમાં આ શાંત વિસ્તારમાં મુસ્લિમો પર ખંજરબાજીથી છૂટા છવાયા હલ્લાઓ શરૂ થવા લાગ્યા.

જોત જોતામાં અકાલીઓ આ વિસ્તારમાં ફેલવાવા લાગ્યા. એમની જીપ ગાડીઓ દ્વારા એમણે સંખ્યાબંધ ગામડાંઓમાં પ્રચાર કર્યો. શીખ અને મુસ્લિમ ગામડાંઓમાં ભાગલા પડવાની શરૂઆત થઈ. હવે મુસ્લિમો પણ શીખ ગામડાંઓમાંથી વિદાય લેવા માંડયા. એમને એમની સાથે રહેતા શીખ ભાઇઓનો ડર ના હતો; તેમજ ગામડાંઓની અંદર પણ એમના પર કોઇ હલ્લો કરશે એવો ભય પણ ન હતો. પરંતુ એમને થતું હતું કે અંદરના ભયનો નહિ પણ બહારથી આવતા અકાલીઓનો ભય હવે વધવા લાગ્યો છે. આ ડરથી તેઓએ શીખ ગામડાં છોડવાં શરૂ કર્યાં. અને શકય હોય ત્યાં અમુક ગામડાંઓમાં વધુ સંખ્યામાં જમા થવા લાગ્યાં.

આમ, આ ભાગલા પડી ગયા પછી તો પોલિસ અને સશસ્ત્ર ટોળીઓનું કામ સહેલું બની ગયું. શીખ કિસાનોને રમખાણ માટે ઉશ્કેરવાની તૈયારીઓ જોસભેર શરૂ થઇ. પ્રથમ તો સરકારી અમલદારોએ શીખ કિસાનોને કહેવાનું શરૂ કર્યું કે પડોશના મુસ્લિમ ગામડાંઓ હથિયારથી સજ્જ થઇ રહ્યાં છે. એ વખતે લાપરવાહી દેખાડવી એ બેવકુફી છે. અને આવી રીતે આવી જ વાતો શીખ કિસાનો અંગે મુસ્લિમ ગામડાંઓમાં વહેતી મૂકવામાં આવી. પછી તો યુદ્ધની તૈયારીઓ જ શરૂ થવા લાગી. ભાલાંઓ અને તલવારો સજાવા લાગ્યાં અને કોણ કોના પર કયારે હલ્લો કરશે એ ડરે શસ્ત્ર સજ્જ થવાની તડામાર તૈયારીઓ થઇ રહી.

છતાં પણ મોટા પાયા પરનાં રમખાણોમાં શીખ અવામનો મોટો ભાગ તો દૂર જ રહ્યો. જ્યારે જાનની સલામતી માટે મુસ્લિમો નાસવા લાગ્યા ત્યારે બે ત્રણ માસ પછી રમખાણના છેલ્લા તબક્કામાં લૂંટની લાલસાએ કિસાનોના નાના સમૂહે રમખાણમાં ભાગ લીધો. અને ખૂનામરકી વ્યાપી ગયાં. પરંતુ આ

પણ ત્રણ ત્રણ માસ સુધી શીખ કિસાનોમાં ગજબનું કોમી ઝેર રેડવામાં આવ્યું અને પોલિસે અને લશ્કરે સક્રિય ભાગ લીધો ત્યારે જ બની શક્યું.

## સરહદ ફોજની કારવાઈ

પંજાબના ભાગલાના માઉન્ટબેટન ચુકાદાએ કોમી આગ તો જલાવી જ હતી. પણ એમાં ય ભાગલા પાડતી વખતે 'બીજાં કારણોને' પણ ખ્યાલમાં રાખવામાં આવશે એવી વળી ગોળગોળ વાત કરતી કલમે તો આગમાં ઘી રેડ્યું.

આ ગોળ ગોળ કલમે બંને પક્ષોના મહત્વાકાંક્ષી મુત્સદીઓમાં એક બીજાનું હજમ કરવાની લાલસા પ્રેરી. બંને પક્ષો એક બીજાના પ્રદેશને હડપી જવા સામ સામા દાવાઓ નોંધાવવા લાગ્યા.

પંજાબના ભાગલાની માંગ રજૂ કરનાર અકાલીઓ એ જાણતા હતા કે ભાગલાને અંતે શીખો બે વિભાગમાં વહેંચાઈ જશે, છતાં પણ શીખોને બાંહેધરી આપતા ગયા કે, સરહદ પંચનો ચુકાદો એમની તરફેણમાં આવશે. કારણ કે માઉન્ટબેટનના ચુકાદા અનુસાર 'બીજાં કારણો' ને એટલે કે માલ મિલકત ધાર્મિક સ્થળો વગેરે કારણોને લઇને એમને ન્યાય મળવો જોઇએ. આમ શીખોને ચીનાબ અથવા ઓછામાં ઓછો ગુરૂ નાનકના ગુરૂદ્વાર–નાનકાના સાહેબ સુદ્ધાંનો કેનાલ કોલોનીનો વિસ્તાર તો જરૂર મળશે એવી આશા તેઓએ શીખોમાં જન્માવી.

ત્યારે લીગ નેતાઓએ પાકિસ્તાનની સરહદ જમુના નદીના કાંઠા સુધી વિસ્તારવાની વાતો વહેતી કરી.

આમ, બંને પક્ષો પોતપોતાના અનુયાયીઓને આંબા આંબલી બતાવતા રહ્યા અને બંનેમાં એક બીજા માટે રોષની લાગણી પેદા કરતા રહ્યા.

અકાલી નેતાઓ તો પશ્ચિમ પંજાબના સીઆલકોટ, શેખપુરા, મુલ્તાન, પીંડી વગેરે વિસ્તારોમાં પણ શહીદી દળો ઉભાં કરવા લાગ્યાં. અને મધ્ય પંજાબમાં મુસ્લિમો પર હલ્લાઓ શરૂ કર્યા. આવી પરિસ્થિતિમાં એક શીખ પ્રતિનિધિ મંડળ પશ્ચિમ પંજાબથી માસ્તર તારાસીંગને મળવા આવ્યું. એણે માસ્તર તારાસીંગને કહ્યું કે પૂર્વ પંજાબમાં જો મુસ્લિમો પરના હલ્લાઓ બંધ નહિ થાય તો એનો પડઘો પશ્ચિમમાં પડશે, ને અમારી કતલ શરૂ થશે. તેઓએ એ પણ કહ્યું કે જો એમના જાનમાલ સલામત હોય તો તેઓને પાકિસ્તાનમાં રહેવામાં પણ કોઇ પ્રકારનો વાંધો નથી. પરંતુ, અકાલી નેતાગીરીને હૈયે શીખ જનતાનું હિત વહાલું ન હતું, તેઓ તો શીખ રાજાઓના પ્રદેશ વિસ્તારની

મહત્વાકાંક્ષા પર જ પોતાની બધી મદાર બાંધતા હતા, અકાલી નેતાઓએ એમની વીનંતીઓની અવગણના કરી અને 'એક વખતનું રણજીત સીંગનું સામ્રાજ્ય ફરી વખતે અમે વિસ્તારીશું'ની વાહયાત વાતોનું રટણ કર્યે રાખ્યું.

આવી પરિસ્થિતિમાં દિલ્હીથી જાહેરાત થઇ કે સરહદ ફોજ પંજાબના ૧૨ જીલ્લાઓ, ગુરૂદાસપુર, અમૃતસર, જલંધર, ફીરોઝપુર, લાયલપુર, હોશીઆરપુર, લુધીઆના, લાહોર, મોન્ટગોમરી, શેખપુરા, સીઆલકોટ અને ગુજરાનવાલાની હકુમત સંભાળવા એ જીલ્લાઓમાં પહોંચી જશે.

ઓગસ્ટની પહેલીએ સરહદ ફોજ આ જીલ્લાઓમાં પહોંચવાની હતી. અકાલી ટોળીઓએ પણ આ જ દિવસે મુસ્લિમો પર મોટા પાયા પર હલ્લા કરવાની યોજના ઘડી રાખી હતી. શહીદી દળના આગેવાન જથેદાર ઉધામસીંગના ગામ નાગોકમાં મુસ્લિમો પર ૩૦મી જુલાઇની રાત્રે હલ્લો શરૂ થયો. ઠેર ઠેર મુસ્લિમો પર હલ્લો કરવાનું આ સીગ્નલ હતું.

અમૃતસર જીલ્લામાં સેંકડોની શસ્ત્ર સજ્જ ટોળકીઓ મુસ્લિમો પર હલ્લાઓ કરવા લાગી. એક પછી એક એમ ગામડાંઓ પર હલ્લાઓ શરૂ થયા. બીઆસ, તરાનતરાન, અને મજીઠા વિસ્તારોમાં હલ્લાઓની શરૂઆત થઇ અને પછી સારાયે જીલ્લાઓ પ્રસરી વળ્યા. ઓગસ્ટની પાંચમીએ તો પરિસ્થિતિએ ગંભી સ્વરૂપર ધારણ કર્યું પોલિસ અને નાગરિક અમલદારો ખુલ્લં ખુલ્લાં રમખાણમાં સક્રિય ભાગ લેવા લાગ્યા.

રમખાણ દોઆબમાં અને પછી તો ગુરૂદાસપૂર જીલ્લામાં પણ પ્રસરી ગયું.

ઓગસ્ટની ચોથીએ સરહદ ફોજના વડા મેજર જનરલ રીઝે લાહોરમાં અખબારી પરિષદ બોલાવી હતી. એણે ત્યાં જાહેર કર્યું હતું કે 'સરહદ ફોજ 'નિષ્પક્ષ' છે. એના અમલદારો બ્રિટિશ છે. અને જ્યારે લશ્કર ફરજ માટે બહાર પડે છે ત્યારે એ રમત કરવા નથી પડતું, પણ જવાબદારી અદા કરવા બહાર પડે છે!' એણે એ પણ જાહેર કર્યું કે લશ્કર નાગરિક સત્તાવાળાઓના સહકારમાં કામ કરશે, પરંતુ પરિસ્થિતિને પહોંચી વળવા એને સ્વતંત્ર રીતે વર્તવાનો પણ અધિકાર છે. વડા સેનાપતિ ઓકિનલેકના 'સીધા હુકમો' નીચે આ લશ્કર કામ કરવાનું છે. ત્યાર પછી તો જનતામાં સલામતીની ભાવના પ્રસરાવવા લાહોરમાં ટેંકો પણ ફેરવવામાં આવી હતી.

પણ કહેવું પડશે કે આ સરહદ ફોજને પંજાબ મોકલવામાં ન આવી હોત તો પંજાબમાં ઓછા માણસો મર્યા હોત અને તબાહી પણ ઓછી થઇ

હોત. સરહદ ફોજના પંજાબમાંના વર્તન પર જરા વિચાર કરવામાં આવે તો સ્વીકારવું પડશે કે તબાહી અને બરબાદી આણવામાં કોઈ મુખ્યત્વે જવાબદાર હોય તો તે સરહદ ફોજ છે.

મોટી મોટી આગો જલી રહી હતી છતાં પણ એ જલાવનારાઓમાંના એકની પણ એણે ધરપકડ કરી ન હતી. એણે આર. એસ. એસ., મુસ્લિમ નેશનલ ગાર્ડઝ કે શહીદી દળની ત્રાસ ફેલાવતી, લૂંટ અને ખુનામરકીનું સામ્રાજ્ય પ્રસરાવતી એક પણ ટોળકીને ગીરફતાર ન કરી કે ન તો એના હથિયારો પડાવી લેવાની તસ્દી લીધી. એમને તથા એકેએક માણસને હથિયારો તથા દારૂગોળાના સ્થળની ખબર હોવા છતાં પણ એણે ન તો હથિયારો કે ન તો દારૂગોળાના ભંડારોને હાથ લગાડ્યો કે જપ્ત કર્યાં.

આજે પંજાબમાં સૌ કોઈ એ વાત જાણે છે કે સરહદ ફોજના બ્રિટિશ અમલદારો જો એની નીચેની ટુકડી મુસ્લિમ હોય તો લીગ સાથે ભળ્યા, હિંદુ હોય તો આર. એસ. એસ. ને શીખ હોય તો અકાલીઓ સાથે ભળ્યા.

લાહોર રેલ્વે સ્ટેશન પર કોઈ પણ બિન–મુસ્લિમ નિરાશ્રિત જાનની ખેરીયત માટે ભાગતો તો તો એને સરહદ ફોજની બલુચ રેજીમેન્ટ ગોળીએથી વીંધી નાખતી અથવા મુસ્લિમ નેશનલ ગાર્ડઝ એની કતલ કરતો તો એ હંડ કાળજે જોઈ રહેતી. કહેવાય છે કે આવી રીતે ૧૩મી અને ૧૪મી ઓગસ્ટના ફક્ત બે દિવસમાં જ લગભગ ૩થી ૪ હજાર માણસોની કતલ કરવામાં આવી.

આવી જ રીતે અમૃતસર પરની ડોગરા ફોજ મુસ્લિમ નિરાશ્રિતોને સ્ટેશન પર જ ખતમ કરી નાખતી હતી. લાહોર ભાગી જવા માટે અમૃતસર સ્ટેશન પર આવતા સંખ્યાબંધ મુસ્લિમોની લાહોરના બિન–મુસ્લિમ નિરાશ્રિતો જેવી જ દશા થઈ હતી.

આ બંને ટુકડીઓ એક જ સરહદ ફોજની હતી. બંનેના ઉપરી અમલદારો બ્રિટિશરો હતા. બંને વડા સેનાપતિ ઓકિનલેકના 'સીધા હુકમ' નીચે હતી. અને બંને ફોજો નિરાશ્રિતોને 'નિષ્પક્ષપણે' ગોળીએથી વીંધી મારતી હતી !

અમૃતસરમાં શીખ ફોજો ખુલ્લં ખુલ્લાં અકાલી ટોળકીઓનું રક્ષણ કરતી હતી. અને મુસ્લિમ નિરાશ્રિતોને ખતમ કરતી હતી.

તો શેખપુરામાં બલુચી ફોજ મુસ્લિમ નેશનલ ગાર્ડઝને રક્ષણ આપતી હતી અને હિંદુ અને શીખો પર મશીનગનો વાપરતી હતી. કહેવાય છે કે આવી રીતે સરહદ ફોજે હજારોની જાન ખતમ કરી હતી.

# અવર્ણીય અત્યાચારો

અત્યાચારોની પરાકાષ્ઠા તો ૧૧મી ઓગસ્ટે શરૂ થઇ. તે દિવસે અમૃતસર જીલ્લાના મુસ્લિમ પોલિસોને હથિયારો આપી દેવાનું, તથા ૮ દિવસની રજા પર ઉતરી, એ પછી સૂચના માટે લાહોર આવવાનું એમને કહેવામાં આવ્યું. આ હુકમ ૧૧ મી ઓગસ્ટે અપાયો હતો એ વખતે હું ત્યાં હાજર હતો. તે જ દિવસે મને એ વિષે જાણ મળી, એકાએક આ હુકમ આપવામાં આવેલો હોવાને કારણે એના વિષે થોડાક અમલદારો જ જાણતા હતા.

પરંતુ, પશ્ચિમ પંજાબમાં ગુજરાનવાલામાં તો ૯ અને ૧૦ મી ઓગસ્ટે આ અંગે અફવાઓ ફેલાઇ ચુકી હતી. મુસ્લિમો વાત કરતા હતા કે અમૃતસરની શીખ પોલિસે એકેએક મુસ્લિમને મારી નાખવાનું નક્કી કર્યું છે અને મુસ્લિમોને બચાવવા માટે ત્યાં એક પણ મુસ્લિમ પોલિસ રહી શકવાનો નથી. માટે ગુજરાનવાલામાં પણ બદલો લેવાની વાતો શરૂ થઇ.

કોણે આ અફવાઓ પશ્ચિમ પંજાબમાં વહેતી કરી ? આનો જવાબ જેન્કિન્સ અને એનું ગવર્નરરાજ જ આપી શકે.

મુસ્લિમ પોલિસ પૂર્વ પંજાબમાં અને શીખ પોલિસ લાહોરમાં તથા પશ્ચિમ પંજાબમાંથી વિદાય લઇ રહી છે તથા એનાં હથિયારો ઉતારી લેવામાં આવ્યાં છે એ સમાચારોએ લઘુમતીઓમાં મોટી ગભરામણ પેદા કરી. તેઓ જાણતા હતા કે પોલિસ રમખાણમાં સક્રિય ભાગ લે છે અને લઘુમતી માટે તો કાળ સમાન છે. પોતાના બચાવ માટે એમને પોતાની કોમની પોલિસ પર થોડો ઘણો ભરોસો હતો, પણ હવે તો એ પણ વિદાય લઇ રહી હતી.

હવે બંને વિસ્તારોમાંથી, મુસ્લિમોએ અમૃતસરમાંથી અને હિંદુઓ અને શીખોએ લાહોરમાંથી ભાગી છૂટવા માટે જેટલી ઝડપી તૈયારી થઇ શકે એટલી ઝડપે તૈયારીઓ શરૂ કરી. નિરાશ્રિતોની વણઝાર નીકળવા લાગી. રસ્તાઓમાં એમના પર શસ્ત્ર સજ્જ ટોળાંઓના હલ્લાઓ શરૂ થયા.

હિજરત કરતા નિરાશ્રિતો પર બોમ્બ ફેંકાવા લાગ્યા. રાયફલો અને રીવોલ્વરોમાંથી છૂટતી ગોળીઓ એમને જમીન પર પટકાવવા લાગી. કીરપાણો અને ભાલાંઓનો પણ ઉપયોગ થયો.

આ શસ્ત્ર સજ્જ ટોળકીઓ દારૂ પીને લોહીની તરસ છીપાવવા માટે ગાંડીતુર બનીને સરહદ ફોજની હિંદુ અને શીખ ટુકડીઓની સક્રિય મદદમાં અમૃતસરનાં નિર્દોષ નિરાશ્રિતો પર અત્યાચાર કરી રહી. જ્યારે લાહોરમાં પણ

મુસ્લિમ ટોળકીઓ સરહદ ફોજના સાથમાં નિર્દોષ બિન-મુસ્લિમ નિરાશ્રિતો પર કાળો કેર વરતાવી રહી.

આખું યે અમૃતસર શહેર બળતા લાહોર શહેરની માફક જલી ઉઠ્યું. મોટા પાયા પર લૂંટની શરૂઆત થઇ. તે દિવસે અમૃતસરનું સામાજીક અને નૈતિક પતન એટલી હદે નીચે પડયું હતું કે ભાગ્યે જ થોડાક એવાં હશે કે જેમણે આ લૂંટમાં ભાગ નહિ લીધો હોય.

૧૦ મી એ હું અમૃતસર પહોંચ્યો. ત્યારથી તે પંડિત નહેરૂએ પોતાનો પહેલો પ્રવાસ ૧૮ મી એ પૂરો કર્યો ત્યાં સુધીના મારી પાસે આવેલ અહેવાલો અને મેં જોયેલા બનાવોના આધાર પર કહી શકું છું કે રાઇફલોમાંથી છૂટતી ગોળીઓ અને ફુટતા બોમ્બોના ધડાકાઓ દિન-રાત સંભળાતા હતા. આ દરમિયાનમાં હજારો ગોળીઓ તથા સેંકડો બોમ્બોનો ઉપયોગ થયો હોવો જોઇએ.

૨૨ કલાકનો કર્ફ્યુ હંમેશા ચાલુ રહ્યો હતો છતાં લૂંટ તો અટકીજ ન હતી. લશ્કરે સંખ્યાબંધ ગોળીઓ છોડી હતી પણ કાંતો હવામાં અથવા મુસ્લિમ પર. કેટલીક વખતે બલુચ ફોજોએ પણ હિંદુઓ અને શીખો પર ગોળીઓ છોડી હતી.

અમૃતસરમાં સેંકડો મુસ્લિમ સ્ત્રીઓ પર અત્યાચાર કરવામાં આવ્યા હતા. અને સંખ્યાબંધનાં અપહરણ કરવામાં આવ્યાં હતાં. એક વખતે તો મુસ્લિમ સ્ત્રીઓની એક ટુકડીને નગ્ન કરીને અમૃતસરમાં ફેરવવામાં આવી હતી. છડે ચોક જાહેરમાં પણ એમના પર બળાત્કાર કરવામાં આવ્યો હતો. ઇન્સાનિયત, બહાદૂરી અને સભ્યતા તમામ જાણે તે દિવસે કોમી આગની જલેલી હોળીમાં રાખ ખાખ થઇ ગયા હતા.

જંગાલિયતને ઉશ્કેરવાનું તથા એને પ્રસરાવવાનું એક ગહન અને મલીન કાવતરૂં રચવામાં આવ્યું હતું. દાખલા તરીકે ગુજરાનવાલાથી અમને સમાચારો મળતા હતા કે ઓગસ્ટ છઠ્ઠીથી મૌલવીઓ મસ્જીદમાં આવતા મુસ્લિમોને બદલો લેવા માટે ઉશ્કેરી રહ્યા છે. શુક્રવારની નમાઝને દિને તેઓએ મુસ્લિમોને કહ્યું હતું કે અમૃતસરમાં મુસ્લિમ સ્ત્રીઓની છાતીઓ કાપી નાખવામાં આવી છે તથા મુસ્લિમ બાળકોનાં માથાં ભાલાઓથી છુદી નાખવામાં આવ્યાં છે. બીજે દિવસે જ ગુજરાનવાળામાં ભયંકર રમખાણ ફાટી નીકળ્યું. ખૂના મરકી અને આગો મોટા પાયા પર શરૂ થઇ ગયાં. હિંદુઓ

અને શીખો ભાગવા લાગ્યા. પણ ટ્રેનોમાં એમના પર હલ્લાઓ થવા લાગ્યા, અને નિરાશ્રિતોની કતલ થવા લાગી. ૧૪મી ઓગસ્ટ સુધીમાં તો કાત્રોક, વઝીરાબાદ, ગાખર, અમીનાબાદ, અકલગઢ, રામનગર, વગેરે રમખાણમાં સંડોવાઇ ગયાં.

૧૪ મી ઓગસ્ટે જમ્મુ જતી ટ્રેન પર હલ્લો થયો. અને બિન–મુસ્લિમ સ્ત્રી, પુરુષો અને બાળકો તમામને મારી નાખવામાં આવ્યાં.

સીઆલકોટની બજારોમાં શીખ અને હિંદુ સ્ત્રીઓને અમૃતસરની માફક બજારમાં નગ્ન રીતે ફેરવવામાં આવી. જાહેરમાં બળાત્કારો થયા અને સંખ્યાબંધ અપહરણો થયાં. આવું જ શેખપૂરામાં બની રહ્યું. અહીં મા–બાપોએ આ ભ્રષ્ટાચારમાંથી પોતાનાં સંતાનોને બચાવી લેવા સંતાનોની કતલ કરી.

આમ, પંજાબમાં બંને વિસ્તારોમાં હજારો માર્યા ગયા. મરીગયેલાનાં શબો છુંદાયેલાં અને ખરડાયેલાં, ખેતરોમાં ને રસ્તાઓ પર, રેલ્વે સ્ટેશનો અને રેલ્વે લાઇનો પર દિવસો સુધી પડયાં રહ્યાં.

જે તરફ અમે ગયા ત્યાં સ્ત્રીઓ, બાળકો અને પુરુષોનાં સંખ્યાબંધ મુડદાંઓ પડયાં હતાં. પ્રથમ તો આ મુડદાંઓને હોશીઆરપૂરમાં આવેલ પોસ્ટમોર્ટમમાં લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ મુડદાંઓ એટલા બધા વિશાળ વિસ્તારમાં વેરાયેલાં પડયાં હતાં કે આ માટે પાછળથી ડોકટરોને ત્યાં મોકલવા પડયા. પણ થોડીક વારમાંજ પોસ્ટમોર્ટમ ભરાઇ ગયું અને પોસ્ટમોર્ટમની વીધી છોડી દેવી પડી. પછી તો જ્યાં એમની લાશો પડી હતી ત્યાં જ પડી રહી. કુતરાંઓ અને માંસાહારી પશુ પક્ષીઓને એમનો ખોરાક આમાંથી મળી રહ્યો.

અમૃતસરમાં હંમેશા સમાચાર આવતા હતા કે આજે આ ગામડા પર હલ્લો થયો, અને મુસ્લિમોને ખત્મ કરવામાં આવ્યા. તો બીજે દિવસે સમાચાર આવતા હતા કે ફલાણા ગામડા પર આક્રમણ થયું અને મુસ્લિમોનાં ઘરબાર જલાવી દેવામાં આવ્યાં.

**જ્યાં જ્યાં શસ્ત્રસજ્જ ટોળકીઓ મુસ્લિમોને સાફ કરવામાં નિષ્ફળ ગઈ ત્યાં ત્યાં જઈને પોલિસે તથા લશ્કરે એ કામ પાર પાડ્યું.**

પશ્ચિમ પંજાબમાં પણ આવું જ બની રહ્યું. ગુરૂદાસપુર, સીઆલકોટ, લાયલપુર, મોંટગોમેરી અને ગુજરાતમાં હાહાકાર મચી રહ્યો.

અહીં એ નોંધ લેવી જરૂરી છે કે જ્યાં આ કાળોકેર વર્તી રહ્યો હતો એ ચૌદ જીલ્લાઓમાં, અપવાદમાં પૂર્વમાં પતિયાલા અને પશ્ચિમમાં ગુજરાત

સિવાય, સરહદ ફોજનું રાજ ચાલતું હતું.

અમતસર, લાહોર, અને સીઆલકોટમાં બનેલા આવા ભયંકર બનાવોનું વર્ણન બીજા જીલ્લાઓને પણ સરખું જ લાગુ પડે છે. પૂર્વ પંજાબમાં અમૃતસર જલંદર અને હોશીઆરપૂર અને પશ્ચિમ પંજાબમાં લાહોર, ગુજરાનવાલા, શેખપૂર, અને સીઆલકોટ એ ભયંકર ધમસાણોનાં કેન્દ્રો બન્યાં હતાં.

આ રમખાણ દરમિયાન દોઢલાખ ઉપર માણસો માર્યા ગયા હતા. હજારો સ્ત્રીઓ પર અત્યાચાર ગુજારાવમાં આવ્યો હતો અને એમનું અપહરણ કરવામાં આવ્યું હતું. કરોડોની માલમિલકત લૂંટવામાં આવી હતી તથા જલાવી દેવામાં આવી હતી.

કેટલા વિશાળ પાયાપર અને કેટલી ભયંકર રીતે લૂંટ ચાલી હતી એનું વર્ણન મારાથી કદી પણ થઇ શકે એમ નથી. વિસ્તારોના વિસ્તારો ઉજ્જડ અને વેરાન થઈ ગયા છે. લાખો લોકો જાનથી સલામતી માટે સરહદો ઓળંગી રહ્યા છે.

પશ્ચિમ પંજાબમાં રહેતા ૪૬ લાખ હિંદુઓ અને શીખો તથા પૂર્વ પંજાબમાં રહેતા ૪૪ લાખ મુસ્લિમો સલામતી માટે સરહદ પાર કરી બીજી કોઇ જગ્યાએ વસવાટ કરવાનો પ્રયાસ કરે એ કોઈ નાનો સૂનો સવાલ નથી. એને હલ કરવો એ ખુબ જ કપરૂં કાર્ય છે. આજે લઘુમતીમાંથી દરેક દરેક પોતાના વિસ્તારો છોડવા માંગે છે. અંબાલા અને પીંડી જેવા વિસ્તારો પણ લઘુમતીઓ હવે છોડી રહી છે.

## કમ્યુનિસ્ટ પાર્ટી અને લાલ વાવટાનું કાર્ય

શરૂઆતથી જ કમ્યુનિસ્ટ પાર્ટી, ટ્રેડ યુનિયન તથા કિસાન સભાએ આવતી આંધીને જોઈ હતી. એટલે એની સામે લડી લેવા માટે આ ત્રણે ય સંસ્થાએ તૈયારીઓ શરૂ કરી હતી.

શહેરોમાં અમે હિંદુ–મુસ્લિમ અને શીખ કામદારોની એકતા જળવાઇ રહે એ માટે શરૂઆતથી જ પ્રયાસો કર્યા હતા. આ એકતાને અંદરથી તોડવી એ કાંઇ સહેલું કાર્ય ન હતું. નોકરશાહો તથા કોમવાદીઓ એક કામદારને બીજા કામદાર વિરૂદ્ધ લડાવવામાં ફાવી શકયા ન હતા, પરંતુ પાછળથી થોડાક વખત બાદ બીજા તરીકાઓ દ્વારા બહારથી પ્રહાર કરી તેઓએ કામદાર એકતામાં ફૂટ પાડવાનું શરૂ કર્યું. હિંદુ ને શીખ માલિકોએ મુસ્લિમ કામદારોને

હાંકી કાઢવાનું શરૂ કર્યું. મુસ્લિમ માલિકે હિંદુ ને શીખ કામદારોની રોટી લઇ લીધી. દેશના ભાગલા પડયા અને હિંદી સંઘ અને પાકિસ્તાન રેલ્વે જેવા સરકારી ઉદ્યોગોના હિંદુ અને મુસ્લિમ કામદારોને પૂછવામાં આવ્યું કે તેઓ કયા ડોમીનીઅનમાં હવે પછીથી રહેશે. ત્યારે સ્વભાવિક રીતે આને પરિણામે કોમી ધોરણે કામદારોમાં ભાગલા પડયા. છતાં પણ સીયાલકોટ જેવામાંથી બનેલા બનાવોની કેટલીય કહાણીઓમાંથી એકાદ પ્રેરક કહાણી પણ આવી પડે છે.

મોટા ભાગની સ્પોર્ટ ફેકટરીઓના માલિકો અહીં બિન–મુસ્લિમો છે. અહીંની મોટા ભાગની ફેકટરીઓને મુસ્લિમ ટોળકીઓએ જલાવી દીધી હતી. પરંતુ જગતભરની એક મોટામાં મોટી પ્રખ્યાત બિન-મુસ્લિમ માલિકીની ઉએરોય ફેકટરી પર જ્યારે હલ્લો થયો ત્યારે મુસ્લિમ કામદારોએજ એને તબાહીમાંથી બચાવી લેવા માટે આ ટોળીઓ સામે લડી લીધું હતું. રાતદિન ફેકટરીની ચોકી કરી અને હલ્લા કરનારાઓને સાફ સાફ કહી દીધું કે તેઓ ફેકટરીને કોઇ પણ જાતનું નુકશાન થવા દેશે નહિ. ફેકટરીનો નાશ એટલે અમારી રોટી હાંસલ કરવાના હથિયારનો નાશ છે. એ કદી પણ સંભવી શકે નહિ.

પરંતુ બહારનાં બળોના જબ્બર આવેગે આખરે કામદારોમાં ભાગલા પાડયા. ત્યાર પછી મુસ્લિમ ટોળકીઓ મુસ્લિમ કામદારોમાં કોમી ઉશ્કેરણી ફેલાવવા તનતોડ પ્રયાસો કરી રહી. બિન–મુસ્લિમ કામદારો પર વ્યવસ્થિત રીતે હલ્લાઓ થયા. અને આ હલ્લાઓમાં રેલ્વે અમલદારોએ પણ સાથ આપ્યો. લાહોરની વર્કશોપ પર આવા કેટલાયે હલ્લાઓ થયા.

આજે આમ, અનેક કારણોને પરિણામે, ટ્રેડ યુનિયન ચળવળ પંજાબમાં ભાંગીને ભુકકો થઇ ગઈ છે. મુસ્લિમ કામદારો પશ્ચિમમાં અને હિંદુ અને શીખ કામદારો પૂર્વમાં ચાલ્યા ગયા છે. કારખાનાંઓ કાંતો જલી ગયાં છે અથવા સ્મશાન બની ગયાં છે. લાખો કામદારો ધંધા વિનાના બની ગયા છે. બેકાર કામદારોનો કોમવાદી પ્રત્યાઘાતીઓના હાથમાં ચાલ્યા જવાનો તથા પોતાની કોમના માલિકો દ્વારા એમનું જંગલી શોષણ થવાનો મોટો ભય આજે તોળાઇ રહ્યો છે. એવે વખતે ટ્રેડ યુનિયન આંદોલન તત્કાલ બાંધવું જોઇએ. એમની લડતમાં એમને સહાય આપી બંધુ કોમના કામદારો સાથેની એમની કૂચ પણ સતત આગે બઢાવવી જોઇએ.

કામદાર વર્ગની બહાદરી તથા એના જોમનું બેનમુન ઉદાહરણ નોર્થ-વેસ્ટર્ન રેલ્વે વર્કર્સ ટ્રેડ યુનિયનના એક લડાયક કામદાર શીરીચંદમાં આપણે

જોઈએ છીએ. લાહોરમાં રમખાણની આતશ જલી રહી હતી. તમામ વખત દરમિયાન એણે નિરાશ્રિતોની જાન બચાવવા એમને સહી સલામત જગ્યાએ પહોંચાડવાનું તથા શાંતિ સ્થાપવાનું કાર્ય ઉપાડી લીધું હતું. ભરતનગરમાંનું એનું ઘર નિરાશ્રિતોનો એકજ આશરો બની ગયું હતું. શહેરમાં મોટા પાયા પર લૂંટ ચાલતી હતી. પણ પોલિસ તો લૂંટમાં આડે નહિ આવવાના એના નિયમમાં અચળ હતી.

એકાએક એક દિવસે પોલિસે શીરીચંદ, તથા એના કુટુંબના સાત માણસોને અને તમામ આશ્રિતોને પકડયા. ૧૪ મી ઓગસ્ટે શીરીચંદ અને એના કુટુંબને છોડી મૂકવામાં આવ્યું અને અને એને ઘેર ચાલ્યા જવાની પોલિસે આજ્ઞા આપી. એ પોલિસ કોન્સ્ટેબલોને એમની સાથે મોકલવામાં આવ્યા અને થોડેક દૂર એ લોકો જાય એ પહેલાં જ કોઈ પણ કારણ વિના શીરીચંદ અને એના કુટુંબ પર ગોળી છોડવામાં આવી. શીરીચંદ અને બીજા ચારને રસ્તામાં જ તેઓએ મારી નાખ્યા. એની માં અને પત્નીને ગંભીર રીતે જખ્મી કર્યાં.

આવી આફતો પંજાબમાં રમખાણ વિરોધી કાર્ય કરતા પ્રગતિશીલોને સહેવી પડતી હતી. આવી પરિસ્થિતિમાં એ આશ્ચર્યજનક નથી કે પ્રગતિશીલ તત્વો રમખાણની આગ ઠારવામાં બહુ ઓછું કાર્ય કરી શકયાં હતાં.

ગામડાંઓમાં જ્યાં જ્યાં કમ્યુનિસ્ટો તથા કિસાન સભાના કાર્યકરો હતા ત્યાં ત્યાં તેઓએ શાંતિ સમિતિઓ સ્થાપી હતી. ચોકી દળો રચ્યાં હતાં. મુસ્લિમ લઘુમતીઓને રક્ષણની બાંહેધરીનું વચન આપવામાં આવ્યું હતું.

પરંતુ શસ્ત્ર સજ્જ ટોળકીઓના હલ્લાઓ શરૂ થયા અને પોલિસ તથા લશ્કરે જયારે એમાં સક્રિય ભાગ લીધો ત્યારે એકતા ટકાવવી અશકય હતી. ગામડાંઓમાં પણ ભાગલા પડયા અને પછી તો મુસ્લિમોને સહી સલામત રાખવાનું કાર્ય શકય રહ્યું નહિ.

એટલે પછી અમે મુસ્લિમ નિરાશ્રિતોને છાવણીઓમાં તથા સ્ટેશનો પર અથવા જ્યાં તેઓ સલામત રહી શકે એવાં ગામડાંઓમાં લઈ જવાની વ્યવસ્થા અમે કરવા લાગ્યા.

તમામ જીલ્લાઓમાં સલામતી કેન્દ્રો ખોલવામાં આવ્યાં. અમૃતસર જીલ્લામાં ખરપારકેરી, કથાનીઆ, વર્કા વગેરે ગામડાંઓમાં આવાં કેન્દ્રો ખોલ ામાં આવ્યાં હતાં. પ્રિતનગરની આસપાસનાં તમામ ગામડાંઓનો પ્રદેશ મેં

પંજાબ છોડયું ત્યાં સુધી સહીસલામત હતો. ૮૨ વરસની વયોવૃદ્ધ ઉંમરે પહોંચેલા જૂના પ્રખ્યાત ક્રાંતિકાર તથા કમ્યુનિસ્ટ કિસાન આગેવાન સોહનસીંહ ભખનાના ગામ આસપાસનાં તમામ ગામડાંઓમાં મુસ્લિમો સહીસસલામત હતા. આ તમામ વિસ્તારોમાં લાલ વાવટાના કિસાનોએ મુસ્લિમોને ખાવા-પીવાની વ્યવસ્થા કરી આપી હતી તથા એમનું રક્ષણ કર્યું હતું.

પરંતુ, કથળાતી જતી પરિસ્થિતિને પહોંચી વળવું એ હવે બહુ કપરું કાર્ય હતું. ખાસા રેલ્વે સ્ટેશન નજીક આવેલા હોશીયારનગરમાં લાલ વાવટાના કિસાનોએ ૩૦૦ મુસ્લિમોને આશરો આપ્યો હતો. એ વખત શસ્ત્રસજ્જ ટોળ-કીઓએ આ ગામડાં પર હલ્લો કર્યો. તેઓ જાણતા હતા કે ૩૦૦ મુસ્લિમોને ત્યાં રાખવામાં આવ્યા છે. બંને વખત તેમને પાછા હટાવવામાં આવ્યા હતા. ૧૮મી ઓગસ્ટ પછી પંડિત નહેરૂએ પંજાબ છોડયા બાદ શીખ લસ્કર અકાલી ટોળકીઓ સાથે આ ગામડામાં આવી પહોંચ્યું. અને ૩૦૦ મુસ્લિમોને બહાર ખેંચી કાઢી તમામની કતલ કરી. મુસ્લિમોને બચાવવાનો પ્રયાસ કરતું ગામડું લસ્કર સામે લાચાર બન્યું હતું.

આવી પરિસ્થિતિમાં મુસ્લિમ માટે સહાનુભૂતિ બતાવવી એ પણ મોતને વહોરી લેવા જેવું હતું. પરંતુ આવા અંધકારમાં પણ કોઇ વસ્તુ પ્રેરણા આપી રહી હોય તો એ છે કે કેટલાક બહાદર કિસાનોએ મોત વહોરીને પણ મુસ્લિ-મોને મદદ કરવાનો પ્રયાસ કર્યો હતો.

અમૃતસર જીલ્લાના ખરપારખેરી ગામડામાં શીખ કિસાનોએ ૯૦૦ મુસ્લિમોને આશરો આપ્યો હતો. પરિસ્થિતિ જ્યારે તદ્દન ભય ભરેલી બની ત્યારે આ કિસાનોએ હથિયાર સજ્યાં અને ૯૦૦ મુસ્લિમોને અમૃતસર સ્ટેશને સલામત રીતે પહોંચાડવા બહાર પડયા. એ દિવસોમાં જ્યારે શસ્ત્રસજ્જ ટોળ-કીઓ સ્ટેનગન અને રાયફલોથી ગોળીઓ છોડતી હતી એવે વખતે ૯૦૦ મુસ્લિમોને બચાવવા એમની સાથે નીકળેલા શસ્ત્રસજ્જ કિસાનોનું દ્રશ્ય ખરે પ્રેરક હતું. ૯૦૦ મુસ્લિમોની બન્ને બાજૂએ ખુલ્લી તલવારો રાખીને તલવારના ચમકારાના સાથે ઇન્સાનિયતનો ચમકારો કરતું આ દ્રશ્ય કદી ભુલાશે નહિ.

અમે અમારાથી શકય બધુંય કરી ચૂકયા હતા. પરંતુ એતો સમુદ્રમાં એક બિંદુ સમાન હતું. એકદમ પ્રત્યાઘાતી તત્વો તે દિવસે ટોચપર આવ્યાં હતાં અને એમને પોલિસ અને લસ્કરની પૂરી સહાય હતી. માનવતાની પ્રાથમિક ફરજ બજાવવાનું કાર્ય પણ જાનના જોખમ વિના તે દિવસોમાં થઇ શકે એમ ન

હતું. અમારા કેટલાય બિરાદરોએ મોતનો સામનો કર્યો, કેટલાય માર્યા ગયા અને શસ્ત્ર સજ્જ ટોળકીઓની ગોળીઓથી ભયંકર રીતે જખ્મી બન્યા.

આ હત્યાકાંડનો સંપૂર્ણ હેવાલ કોઇ દિવસ આલેખવામાં આવશે ત્યારે એ નક્કી માનશો કે કમ્યુનિસ્ટોએ તથા લાલ વાવટાના કામદાર અને કિસાનોએ પોતાનું કાર્ય ઉમદા રીતે પાર પાડયું હતું–પછી એ કમ્યુનિસ્ટ મુસ્લિમ હોય કે હિંદુ હોય, પશ્ચિમ પંજાબનો વતની હોય કે પૂર્વ પંજાબનો વતની હોય.

## ઉદ્યોગોનો નાશ

પંજાબની બહારના લોકો એ જાણતા નથી કે આ હત્યાકાંડે કેવા કેવા પ્રશ્નો ઉભા કર્યા છે.

અમારા બે મોટાં ઓદ્યોગિક કેન્દ્રો લાહોર અને અમૃતસર માર્ચ માસથી સતત રીતે જલી રહ્યાં છે. પ્રાંતભરને આ બે કેન્દ્રો સાથે આર્થિક સંબંધો હતા. અમૃતસર મોટામાં મોટું વ્યાપારી કેન્દ્ર હતું. પંજાબ, સરહદ અને બીજા પડોશનાં દેશી રાજ્યો એના પર નભતાં હતાં. અમૃતસરની જીંદગી ખતમ થતા આ પ્રદેશોને અમૃતસરમાંથી પૂરો પડતો માલ પણ બંધ થઈ ગયો છે.

બંને શહેરોની કુલ વસ્તી ૧૬થી૧૭ લાખની હતી. આમાંથી દશ લાખ કામદારો તથા બીજા નાના મધ્યમ વર્ગી વેપારીઓ હતા. આજે આ તમામની રોટી છીનવાઈ ગઇ છે. માલ મળતો નથી. દુકાનો ઉઘડતી નથી. કાળા બજારની કોઈ હદ નથી રહી.

ઘી–દૂધ અને ધન ધાન્યથી ભરપૂર એવા પંજાબ પ્રાંતમાં આજે ભાગ્યેજ શહેરોમાં દૂધ મળી શકશે. અમૃતસરમાં એક જ જગ્યાએ ઘીની દુકાન ઉઘાડવામાં આવી હતી. પણ અહીં દશ રૂપિયા શેરનો ભાવ રાખવામાં આવ્યો હતો. પરિણામ એ આવ્યું કે પૈસા આપીને ખરીદવાને બદલે લોકોએ આ દુકાન લૂંટી.

અમૃતસર જલી જવાને કારણે કાપડની અછત બહુ તંગ બની છે. વિમા કંપનીઓ આગના વિમાઓ લેવાનો ઇન્કાર કરે છે. કારણ કે આગ હવે સામાન્ય બનાવ બની ગયો છે. વેપારીઓ બહાર ગામના ઓર્ડરો લેતા નથી.

માર્ચથી લાહોર અને અમૃતસરમાં ઉદ્યોગો બંધ પડી ગયા છે. એકલા અમૃતસરમાંજ ત્રીસથી વધુ ફેકટરીઓ બળી ગઇ છે. હિંદુ માલિકો મુસ્લિમોને અને મુસ્લિમ માલિક હિંદુ કામદારોને કારખાનાંઓમાંથી હાંકી કારખાનાં-

ઓની બહાર ફેંકી રહ્યા છે. આમ હજારો કામદારોના જીવન નિર્વાહનાં મૂળીયાં ઉચ્છેદાઈ રહ્યાં છે.

આવીજ પરિસ્થિતિ પંજાબના દરેક ઓદ્યોગિક કેન્દ્ર, જલંદર, લુધીઆના, લાહોર, સીઆલકોટ, ગુજરાનવાલા, લાયલપુર, અને ઓકારામાં ઉભી થઈ છે.

જગતભરમાં પ્રખ્યાત સ્પોર્ટ ફેકટરીઓનું કેન્દ્ર સીઆલકોટ આજે સુનું થઇ ગયું છે. કેટલીયે ફેકટરીઓ જલાવી દેવામાં આવી છે. બાકીની બચી ગયેલી કામ કરતી નથી.

કટલરીના ઉત્પાદન માટે ૩૫૦૦૦ કામદારોને રોટી આપતું કેન્દ્ર વઝીરાબાદનું આજે ઓદ્યોગિક મહત્વ કશું રહ્યું નથી.

છેલ્લાં દશ વરસ દરમિયાનની પંજાબે સાધેલી ઓદ્યોગિક પ્રગતિ આજે છિન્ન ભિન્ન થઇ રહી છે. પૂર્વ અને પશ્ચિમ પંજાબની આ દશા છે.

લાખો કામદારોએ સરહદો ઓળંગી છે. હિંદુ અને શીખો પશ્ચિમમાંથી પૂર્વ અને મુસ્લિમો પૂર્વમાંથી પશ્ચિમ ભણી ચાલ્યા ગયા છે.

## વેપારનો નાશ

રાવલપીંડીના રમખાણુ દરમિયાન સારીએ હિંદુ અને શીખ વ્યાપારી આલમનું જીવન ઉંધું ચતુ થઇ ગયું છે; કાંતો મોત અથવા રાવલપીંડીમાંથી વિદાયનો રાહ એમને લેવો પડયો છે. આવું જ સમગ્ર પંજાબમાં મોટા પાયા પર બની ચૂકયું છે.

પશ્ચિમ પંજાબમાંની હિંદુ અને શીખોની તમામ મંડીઓ આજે રાખ ખાખ થઇ ગઇ છે. પશ્ચિમ પંજાબમાંથી વેપારી વર્ગનું નામો–નિશાન ભૂંસી નાખવામાં આવ્યું છે.

પશ્ચિમ પંજાબના અર્થતંત્ર પર આની જબરી અસર થયા વિના રહેનાર નથી. પંજાબ અનાજની છતનો પ્રદેશ છે. વેપાર અને ખેતીને ત્યાં ઘનિષ્ટ સંબંધ છે. એનો ખ્યાલ જે લોકોને છે તેઓ વેપાર અને તેની વચ્ચેની તૂટી ગયેલી કડીનાં પરિણામો સમજી શકશે.

ગામડાંઓમાં માલ પહોંચાડતો અને ગામડાંઓમાંથી માલ ખરીદતો વેપારી અહીં પશ્ચિમ પંજાબમાંથી ચાલ્યો ગયો છે. ખુદ સરકારની અનાજ ખરીદીની યોજનાઓ પણ તૂટી પડી છે.

## ફળદ્રુપ પ્રદેશનો નાશ

અમારી ખેતી પણ બરબાદ થઇ ચૂકી છે. પૂર્વ પંજાબમાં મુસ્લિમો કામીનો એટલે કે ખેતમજૂરીયાઓ અથવા નાના ખેડૂતો હતા. એમાનાં લાખો પૂર્વ પંજાબ છોડી રહ્યા છે. પશ્ચિમ પંજાબમાં એમનું શું થશે એની એમને ખબર નથી.

પશ્ચિમ પંજાબના સૌથી ફળદ્રુપ નહેરોવાળા પ્રદેશ મોંટગોમરી, લાયલપુર, શેખપુરા અને ગુજરાનવાલામાંથી લાખો હિંદુ અને શીખ કિસાનોની વણઝાર પૂર્વ પંજાબ તરફ આવી રહી છે.

પૂર્વમાંથી પશ્ચિમમાં અને પશ્ચિમમાંથી પૂર્વમાં આવતા જતા કિસાનોને ઠેકાણાસર કરવા એ જરાયે સહેલું કાર્ય નથી. તેઓએ એમનાં ખેતીનાં ઓજારો, ઢોર ઢાંખર અને તમામ ચીજો ગુમાવી દીધી છે.

આ બધું એ પરિસ્થિતિમાં બની રહ્યું છે જે વખતે પાકનો મોલ ઉભો છે. એને કાપીને મહીનાની અંદર ચોખાનું વાવેતર કરવાનું છે. ત્યારે લાખો કિસાનો હિજરત કરી રહ્યા છે અને સારાયે પ્રદેશમાં અરાજકતા પ્રસરી ચૂકી છે. એવી પરિસ્થિતિમાં પાક કેવો થશે એ કલ્પી શકાય એમ છે. આપણો સારોયે દેશ અનાજની અછતની ભીસમાં જકડાઇ રહ્યો છે ત્યારે આના પ્રત્યાઘાતો કેવા પડશે એ સમજવું બહુ મુસ્કેલ નથી.

પંજાબના સૌથી ફળદ્રુપ પૂર્વ, પશ્ચિમ અને મધ્યમ પંજાબમાંના પ્રદેશો સરહદ ફોજના અંકુશ નીચે હતા. આજે એ તમામ વેરાન બની ગયા છે.

## આજનું પંજાબ

ઉદ્યોગ ગયા, વેપારી ગયા અને સાથે ખેતી પણ ગઇ. સાથો સાથ આ કોમી આંધી લાખોને ઉદ્યોગ ધંધા વિનાના બેકાર બનાવતી ગઈ—આવા પંજાબમાં હવે શું રહ્યું છે?

તેનો હજુય ભાંગી પડેલો કારોબાર ઉભો થઇ શકયો નથી. ત્રાસ ફેલાવતી સશસ્ત્ર ટુકડીઓનું પણ આગ, લૂંટ અને ખૂનામરકીનું પ્રસરતું સામ્રાજ્ય હજુયે અટકયું નથી. એવી પરિસ્થિતિમાં પંજાબ શું સહન કરી રહ્યું છે કેવી ભયંકર દશામાં પંજાબીઓ જીવન વિતાવી રહ્યા છે એની કલ્પના પણ કંપાવનારી છે.

એક વખતના સમૃધ્ધ પ્રદેશના આર્થિક તંત્રની આવી બરબાદી અને એ પ્રદેશનો થયેલો ભંગાર દેશના બીજા ભાગોને સ્પર્શ્યા વિના રહેનાર નથી.

પંજાબનો હરીઆળો પ્રદેશ આજે વેરાન ભૂમિ થયો છે. જેના પર હિંદ આશા રાખતું હતું એ જ પંજાબ આજે હિંદ પાસે અનાજની તથા રાહતની ભીખ માંગશે.

રસ્તાઓ અને રેલ્વે લાઇનો પરનાં, કુતરાંઓ તથા ગીધડાંઓનો ખોરાક બની ગયેલાં, એમને એમ એવી જ અવસ્થામાં પડી રહેલાં હજારો શબો રોગ ચાળો ફેલાવશે. ડોકટરો અભિપ્રાય આપે છે કે જો તત્કાળ પગલાં લેવામ-નહિ આવે તો ભય છે કે રોગચાળો ફાટી નીકળશે. આવું બનશે તો પંજાબ પર મોટી આફત ઉતરી આવશે. દુષ્કાળ પછી બંગાળમાં જે બન્યું એવું જ પંજાબમાં બની જશે. અને એના પ્રત્યાઘાતો ફરી પાછા અર્થતંત્ર પર પડયા વિના રહેશે નહિ.

પંજાબનું કેળવણી તંત્ર આજે ખોરવાઈ ગયું છે. એનું કેન્દ્ર લાહોર ઉત્તર હિંદનું સૌથી મોટું કેળવણી ક્ષેત્ર આજે ભડકામાં બળી રહ્યું છે. આ વિસ્તારોમાં જ મેડીકલ, એન્જીનરીંગ કોલેજો આવેલી છે. આજે એ સ્મશાન સમાં બની ગયાં છે.

અમારો વાહન વ્યવહાર, બ્રિટિશરોએ પોતાની લશ્કરી જરૂરત માટે બનાવેલો હિંદનો સૌથી સુંદર વાહન વ્યવહાર આજે ખોરવાઇ ગયો છે.

આવી ભયંકર બરબાદી પછી ખ્યાલ આવી શકશે કે પંજાબ કેવી કરૂણ સ્થિતિમાં ફસડાઇ પડયું છે. એનું ફરી વખત ચણતર કરવું એ કેટલું કપરૂં કાર્ય છે. આવું પંજાબ અમારા માટે તો અમારા જીવન મરણનો પ્રશ્ન છે.

## ઉપસંહાર

આજના પંજાબની આ કહાણી છે. આજે સૌથી વધુ કોમવાદી અત્યા-ઘાતીઓ ટોચ પર છે. આર. એસ. એસ. અને અકાલી ટોળકીઓ પૂર્વ પંજા-બમાં તો મુસ્લિમ નેશનલ ગાર્ડઝ પશ્ચિમ પંજાબમાં બન્ને સરકારોના નેતા-ઓની સૂચનાઓને ખુલ્લં ખુલ્લાં અવગણી રહ્યા છે. ૧૬ મી અને ૧૭ મી ઓગસ્ટે જ્યારે પંડિત નહેરૂ અમૃતસરમાં હતા ત્યારે એમણે લશ્કરી અમલદારોને કહ્યું હતું કે કોઇ પણ હિસાબે વ્યવસ્થા જળવાવી જ જોઇએ. પરંતુ તોફાન તો એ પછી પણ ચાલુ રહ્યાં. લુધીઆણા અને ફીરોઝપુર આ પછી જ સંડોવાયા અને જલંદરમાં પંડિત નહેરૂની મુલાકાત પછી જ તોફાનો એની પરાકાષ્ટાએ પહોંચ્યા.

સારૂ યે સરકારી તંત્ર પડી ભાંગ્યુ છે. પશ્ચિમ પંજાબમાં ચાલ્યા ગયેલા મુસ્લિમ પોલિસોની જગ્યાએ નવા માણસોને ભરતી કરવામાં આવે છે.

આર. એસ. એસ. અને અકાલીઓ આમાં ઘૂસી રહ્યા છે.

પૂર્વ પંજાબની સરકાર પર આર. એસ. એસ. ને પોતાનું વર્ચસ્વ રાખવુ છે. બક્ષી તેકચંદને ગર્વનર તરીકે તથા રાઈ બહાદુર બદરીદાસને વડા પ્રધાન તરીકે તેઓ લાવવા માંગે છે.

તેઓ ખુલ્લં ખુલ્લાં પ્રચાર કરે છે કે શાંતિની વાતો કરતા નેતાઓ તથા પંડિત નહેરૂ અને મહાત્મા ગાંધીએ હવે વિદાય લેવી જોઇએ. તેઓ એફામ રીતે બોલી રહ્યા છે કે, ઓંગસાનને રસ્તે એમને પણ મોકલી દો.

અકાલીઓને પૂર્વ પંજાબ પર પોતાનું વર્ચસ્વ જમાવવું છે. અકાલી નેતાને તેઓ ગવર્નર બનાવવાની વાતો કરે છે.

આ ટોળકીઓ અને એમનો પ્રચાર મધ્યસ્થ તેમજ પ્રાંતિક સરકાર માટે આફ્ત રૂપ છે.

વર્તમાન સરકારો આ ટોળકીઓને નિસસ્ત્ર કરવા તથા એમને દાબી દેવા માટે કોઇ કડક પગલાંઓ લેતી નથી. તેઓને ડર છે કે એથી તો લોકો એમની ટીકા કરશે.

પરંતુ આ ટોળકીઓને નિઃસસ્ત્ર કરવામાં નહિ આવે, સરકારી તંત્ર-માંથી ગુન્હેગાર અમલદારોને કાઢી મૂકવામાં નહિ આવે, અને એમની જગ્યાએ દેશ પ્રેમી તત્વોને લેવામાં નહિ આવે તથા લઘુમતીઓને સલામતી ને બાંહેધરી નહિ આપવામાં આવે–તો પંજાબ માટે કોઇ આશા નથી. આજે બંને સરકારો નિરાશ્રિતોની હિજરત અંગે વીચારી રહી છે. નિરા-શ્રિતોની હિજરત એ સાચો ઉકેલ નથી. મૂખ્ય કાર્ય તો હિજરતીઓને પાછા બોલાવી એમને કામ ધંધે લગાડવાનું છે. જે બળોએ પંજાબમાં આ હત્યાકાંડ કર્યો એજ બળો આજે સર્વત્ર ચોમેર ફેલાઇ રહ્યાં છે.

દુનિયામાં આપણી બંને સરકારોને બદનામ કરવાની એ બ્રિટિશ રમત છે. બંને સરકારોને અથડાવી મારવાની તથા એમનાથી ન ઉકેલી શકાય એવા પ્રશ્નોની ખાયમાં ધકેલી દેવાની એની મુરાદ છે.

પંજાબનો હત્યાકાંડ એ સારાયે હિંદ માટે કટોકટી છે. આપણી હસ્તી તથા આપણા દેશના લોકશાહી ભાવિ પર આજે ગંભીર ભય ઝઝુમી રહ્યો છે.

જખ્મી પંજાબની પુકાર છે કે :—પંજાબમાં જે બન્યું એવું હિંદના કોઇ પણ ભાગમાં બનો નહિ. જે કાળાં બળોએ પંજાબ પર આ હત્યાકાંડની આફ્ત ઉતારી એ સારાયે હિંદમાંથી વિદાય લે. અને ત્યારેજ પંજાબને મદદ થઇ શકે અને હિંદ બચી શકે. **(સપ્ટેમ્બર ૧૯૪૭)**



# બિ. ધન્વન્તરીનો પરિચય

★

સરદાર ભગતસિંહની યાદ કોઇ ભૂલી શકે એમ નથી. એ વીર નેતાના સાથીદારોની કુરબાનીઓની કોઈ સીમા નથી. બિ. ધન્વન્તરી ભગતસિંહના એવા એક સાથીદાર તરીકે આજે પંજાબની પ્રજાના દિલમાં વાસ કરે છે. લાલા લજપતરાય પરના હુમલાનું વેર વાળવા માટે સોન્ડર્સ નામના નામચીન બ્રિટિશ અમલદારનું ખૂન થયું તે દિવસે જ બિ. ધન્વન્તરીને પકડવામાં આવ્યા હતા. પરંતુ બ્રિટિશ નોકરશાહી એમની સામે કેસ ચલાવવા માટે કોઈ પુરાવા એકઠા કરી શકી નહિ. એને લાચાર બની તેમને છોડી મૂકવા પડ્યા. ત્યારબાદ બિ. ધન્વન્તરીએ ભોમભિતર રહીને બ્રિટિશ શાહીવાદ સામે પોતાનું ત્રાસવાદી કાર્ય જારી રાખ્યું. પરંતુ, ફરીથી તેઓ ૧૯૩૦ માં પકડાયા અને તેમની પર અઢી વરસ સુધી કેસ ચલાવી શાહીવાદે સાત વર્ષની સજા કરી આંદામાનના નરકાગારમાં મોકલી દીધા!

જેલમાં બિ. ધન્વન્તરીએ માર્ક્સવાદનો અભ્યાસ કર્યો; અને કમ્યુનિઝમ તરફ વળ્યા. ૧૯૩૯માં તેમની મુક્તિ બાદ ૧૯૪૦માં તેઓને ફરી જેલમાં ગોંધવામાં આવ્યા. છ વરસને અંતે ફરી પાછા ૧૯૪૬માં તેઓ બહાર આવ્યા.

આજે તેઓ ભગતસિંહના પંજાબની ચેતવણી આપી રહ્યા છે.

એમ. બી. રાવ, ધી "ન્યુ એજ" પ્રિન્ટીંગ પ્રેસ, ૧૯૦ બી, ખેતવાડી, મેઇન રોડ મુંબઇ ૪ થી છાપી, લોક પ્રકાશન ગૃહ લી., રાજભુવન, સેન્ડહર્સ્ટ રોડથી પ્રસિધ્ધ કરી.